## રાજય ચૂંટણી આયોગ

બ્લોક નંબર-૯, ૬ ઠ્ઠો માળ,
સચિવાલય, ગાંધીનગર
તા.૨૩-૦૯-૨૦૨૬

ક્રમાંક: ચટણ/સ્થા.સ્વ./૧૩(૬)/૦૯૨૦૨૬/ક / 30204

### અખબારી યાદી

રાજ્યની ગાંધીનગર મહાનગરપાલિકા, ઓખા અને થરા નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી તેમજ ખેરાલુ નગરપાલિકાની ૧ બેઠક, છોટાઉદેપુર નગરપાલિકાની ૧ બેઠક, બાયડ નગરપાલિકાની ૧ બેઠક, દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયતની ૧ બેઠક, પડધરી તાલુકા પંચાયતની ૧ બેઠક, સતલાસણા તાલુકા પંચાયતની ૧ બેઠક, હારીજ તાલુકા પંચાયતની ૧ બેઠક મળી પ્રસંગોપાત ખાલી પડેલ કુલ- ૭ બેઠકોની પેટા ચૂંટણીઓ રાજય ચૂંટણી આયોગ દ્વારા તા.૧૬-૦૯-૨૦૨૬ના રોજ જાહેર કરી ચૂંટણીનો કાર્યક્રમ આપવામાં આવેલ છે.

આ કાર્યક્રમ મુજબ ઉમેદવારી પત્ર સ્વીકારવાની છેલ્લી તા.૨૬-૦૯-૨૦૨૬ છે. તા.૨૬-૦૯-૨૦૨૬ ના રોજ ચોથો શનિવાર હોવાથી સામાન્ય રીતે સરકારી કચેરીઓમાં રજા હોય છે. રાજય ચૂંટણી આયોગ દ્વારા આપવામાં આવેલ ચૂંટણી કાર્યક્રમ મુજબ તા.૨૬-૦૯-૨૦૨૬ ના રોજ ઉમેદવારી પત્ર સ્વીકારવાની છેલ્લી તારીખ હોવાથી આ દિવસે ચૂંટણી અધિકારીશ્રીઓ/ મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓની કચેરીઓ ખુલ્લી રહેશે અને ઉમેદવારી પત્રો સ્વીકારવામાં આવશે. જેથી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી લડવા ઇચ્છતા તમામ ઉમેદવારોએ આ બાબતની નોંધ લેવી.

બિડાણ- ઉપર મુજબ

સચિવ
રાજય ચૂંટણી આયોગ
ગાંધીનગર

પ્રતિ,
માહિતી કમિશનરશ્રી,
૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

૨/- રાજ્યના તથા ચૂંટણી હેઠળના જિલ્લાના સ્થાનિક અખબારો સહિત બહોળી પ્રસિદ્ધિ ધરાવતાં જુદા જુદા સર્વે વર્તમાનપત્રોમાં આ અખબારી યાદી વિનામૂલ્યે પ્રસિદ્ધ થાય તે જોવા તેમજ ઇલેક્ટ્રોનિક મીડિયાને સૂચિત કરવા વિનંતી સહ.

# -:: પત્રક ::-

## ઓક્ટોબર-૨૦૨૬ની સામાન્ય ચૂંટણી હેઠળની મહાનગરપાલિકા

| ક્રમ | જિલ્લો | મહાનગરપાલિકાનું નામ |
|---|---|---|
| ૧ | ગાંધીનગર | ગાંધીનગર |

## ઓક્ટોબર-૨૦૨૬ની સામાન્ય ચૂંટણી હેઠળની નગરપાલિકાઓ

| ક્રમ | જિલ્લો | નગરપાલિકાનું નામ | નગરપાલિકાનો વર્ગ |
|---|---|---|---|
| ૧ | દેવભૂમિ દ્વારકા | ઓખા | A (અ) |
| ૨ | બનાસકાંઠા | થરા | C (ક) |

## ઓક્ટોબર-૨૦૨૬ની પેટા ચૂંટણી હેઠળની નગરપાલિકાઓની પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકો

| ક્રમ | જિલ્લો | નગરપાલિકાનું નામ | નગરપાલિકાનો વર્ગ | વોર્ડ / બેઠક નંબર | બેઠકનો પ્રકાર | બેઠકની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| ૧ | મહેસાણા | ખેરાલુ | C (ક) | ૧ (ચોથી) | સામાન્ય | ૧ |
| ૨ | છોટાઉદેપુર | છોટાઉદેપુર | A (અ) | ૪ (ત્રીજી) | અનુસૂચિત આદિજાતિ | ૧ |
| ૩ | અરવલ્લી | બાયડ | D (ડ) | ૩ (ત્રીજી) | અનુસૂચિત જાતિ | ૧ |
| કુલ | | | | | | ૩ |

## ઓક્ટોબર-૨૦૨૬ પેટા ચૂંટણી યોજવાપાત્ર જિલ્લા પંચાયતની પ્રસંગોપાત ખાલી બેઠક

| ક્રમ | પેટા ચૂંટણી હેઠળની જિલ્લા પંચાયતનું નામ | જિલ્લા પંચાયતના મતદાર મંડળ નંબર અને નામ | બેઠકનો પ્રકાર | બેઠકની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | દેવભૂમિ દ્વારકા | ૩ - ભાડથર | બિન અનામત સામાન્ય | ૧ |

## ઓક્ટોબર-૨૦૨૬ પેટા ચૂંટણી યોજવાપાત્ર તાલુકા પંચાયતની પ્રસંગોપાત ખાલી બેઠકો

| ક્રમ | જિલ્લો | પેટા ચૂંટણી હેઠળની તાલુકા પંચાયતનું નામ | તાલુકા પંચાયતના મતદાર મંડળ નંબર અને નામ | બેઠકનો પ્રકાર | બેઠકની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | રાજકોટ | પડધરી | ૧૪ – થોરીયાળી | બિન અનામત સામાન્ય | ૧ |
| ૨ | મહેસાણા | સતલાસણા | ૧૧- સતલાસણા- ૨ | અનુસૂચિત આદિજાતિ | ૧ |
| ૩ | પાટણ | હારીજ | ૧ – અડીયા | અનુસૂચિત આદિજાતિ | ૧ |
| કુલ | | | | | ૩ |

## મહાનગરપાલિકા/ નગરપાલિકા સામાન્ય ચૂંટણી તેમજ નગરપાલિકા/ જિલ્લા/ તાલુકા પંચાયતમાં પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણી માટે ચૂંટણીનો કાર્યક્રમ

| | | |
|---|---|---|
| ૧ | ચૂંટણીની જાહેરાતની તારીખ | ૧૬-૦૯-૨૦૨૬ |
| ૨ | જાહેરનામું પ્રસિધ્ધ (ચૂંટણીની નોટીસ પ્રસિધ્ધ) કરવાની તારીખ | ૨૧-૦૯-૨૦૨૬ |
| ૩ | ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ | ૨૬-૦૯-૨૦૨૬ |
| ૪ | ઉમેદવારી પત્રોની ચકાસણીની તારીખ | ૨૮-૦૯-૨૦૨૬ |
| ૫ | ઉમેદવારી પરત ખેંચવાની છેલ્લી તારીખ | ૨૯-૦૯-૨૦૨૬ |
| ૬ | **મતદાનની તારીખ** | **૧૧-૧૦-૨૦૨૬ (રવિવાર)<br>સવારના ૭ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધી** |
| ૭ | પુન:મતદાનની તારીખ (જો જરૂરી હોય તો) | ૧૨-૧૦-૨૦૨૬ |
| ૮ | મતગણતરીની તારીખ | ૧૩-૧૦-૨૦૨૬ |
| ૯ | ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થવાની તારીખ | ૧૬-૧૦-૨૦૨૬ |

**સ્થળ:-** ગાંધીનગર
**તારીખ:-** ૧૬-૦૯-૨૦૨૬

સચિવ
રાજ્ય ચૂંટણી આયોગ
ગાંધીનગર